**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં "મોચી" જ્ઞાતિનો સમાવેશ કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક :– સશપ/૧૧૦૩/૧૩૯–અ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭–૫–૨૦૦૩.

વંચાણે લીધા :–

(૧) મજૂર, કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો તા. ૧/૪/૧૯૭૮નો ઠરાવ ક્રમાંક :– બીસીઆર – ૧૦૭૮/૧૩૭૩૪/હ.
(૨) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૨મી જૂન ૧૯૭૯ નો પરિપત્ર ક્રમાંક બકર/૧૦૭૯/૧૭૯૮૨/હ.
(૩) ભારત સરકારના કાયદો અને ન્યાય મંત્રાલયના તા. ૧૭/૧૨/૨૦૦૨ ના ભારતના બંધારણ ( અનુ. જાતિઓ ) હુકમો ( બીજો સુધારો ) અધિનિયમ, ૨૦૦૨ અને તે અંગેનું ભારત સરકારનું તા. ૧૮/૧૨/૨૦૦૨નું અસાધારણ રાજપત્ર રજીસ્ટર ક્રમાંક ડીએલ–૩૩૦૦૪/૨૦૦૨.
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૮/૨/૨૦૦૩નો ઠરાવ ક્રમાંક સીએઆર/૧૦૯૦/સીઓ/૧૬/હ.
(૫) સમસ્ત ગુજરાત રાજય મોચી સમાજે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પેશ્યલ સી.એ.નં.– ૬૧૬૫/૨૦૦૩ તથા તેમાં કરાયેલ નામદાર હાઈકોર્ટનો તા.૫/૫/૨૦૦૩નો ઓરલ ઓર્ડર.

– ઠરાવ –

ભારત સરકારના અનુ.જાતિ અને અનુ. જનજાતિ આદેશો ( સુધારો ) અધિનિયમ ૧૯૭૬ અન્વયે "મોચી" જ્ઞાતિ માટેની વિસ્તાર મર્યાદા દૂર થતાં ગુજરાત રાજયના સમગ્ર વિસ્તારની "મોચી" જ્ઞાતિને અનુસૂચિત જાતિ તરીકે માન્યતા આપવામાં આવી હતી પરંતુ સાથોસાથ બક્ષીપંચની ભલામણોને અનુલક્ષીને "મોચી" જ્ઞાતિ તથા તેના જૂથોનો સમાવેશ આ વિભાગના તા. ૧/૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંક બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/હ, થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની યાદીમાં પણ કરવામાં આવેલ હતો આથી ક્રમાંક (૨) આગળ ઉલ્લેખાયેલ તા. ૧૨/૬/૧૯૭૯ ના પરિપત્રથી સુધારો બહાર પાડીને આ જ્ઞાતિના લોકોને સામાજિક

અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની યાદીમાંથી દૂર કરવાના હુકમો કરવામાં આવ્યા હતા.

પરંતુ તાજેતરમાં ઉપર ક્રમાંક (૩) આગળ દર્શાવેલ ભારત સરકારના તા. ૧૭/૧૨/૨૦૦૨ ના અધિનિયમના સુધારાથી કરેલી જોગવાઈઓ મુજબ ગુજરાત રાજયમાં ડાંગ જિલ્લો અને વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકાના વિસ્તાર સિવાયના "મોચી" જાતિના લોકોને હવે અનુ. જાતિની યાદીમાંથી રદ કરેલા હોવાથી ડાંગ જિલ્લો અને વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકા સિવાયના અન્ય વિસ્તારના "મોચી" જાતિના વર્ગો માટે આમુખમાં દર્શાવેલ તા. ૧૨/૬/૧૯૭૯ના પરિપત્રથી યથા પ્રસંગે સુધારો બહાર પાડીને "મોચી" જ્ઞાતિને અનુ.જાતિ તરીકેના લાભો/સવલતો મળવા અંગે કરાયેલ જોગવાઈ પૂરતો તા.૧૨/૬/૧૯૭૯નો પરિપત્ર રદ કરવામાં આવે છે અને તા.૧/૪/૧૯૭૮ના ઠરાવની મૂળ જોગવાઈ મુજબ તે સાથેના જોડાણ–૧ના ક્રમાંક–૫૨ (બાવન) સામે "મોચી" જ્ઞાતિના વર્ગોનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જે રીતે સમાવેશ કરવામાં આવેલ હતો તે જોગવાઈઓ પુર્વવત રીતે મોચી જ્ઞાતિ પુરતી ચાલુ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે. બીજા શબ્દોમાં "મોચી" જ્ઞાતિના વર્ગો સંદર્ભની અગાઉની તા. ૧/૪/૧૯૭૮ના ઠરાવથી કરાયેલ જોગવાઈઓ "મોચી" જ્ઞાતિને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની યાદીમાં સમાવીષ્ટ કરવા પુરતી સદરહુ ઠરાવથી પુનઃજીવીત થાય છે. આ નિર્ણયને પરિણામે ગુજરાત રાજયમાં ડાંગ જિલ્લો અને વલસાડ જિલ્લાના ઉમરગાંવ તાલુકાના નિયત વિસ્તાર સિવાયના અન્ય વિસ્તારમાં વસતા" મોચી" જાતિ તથા તેના વર્ગ/જૂથોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે ગણીને મળવા પાત્ર તમામ આનુષંગિક લાભો આપવાના રહેશે.

સમસ્ત ગુજરાત રાજય "મોચી" સમાજે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન નંબર–૬૧૬૫/૨૦૦૩ દાખલ કરેલ છે અને ભારતના બંધારણ (અનુ.જાતિઓ) હુકમો (બીજોસુધારો) અધિનિયમ–૨૦૦૨ (તા.૧૭/૧૨/૨૦૦૨) ની જોગવાઈઓ તથા તે અન્વયે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિ. વિભાગના તા.૧૮/૨/૨૦૦૩ના ઠરાવની જોગવાઈઓને પડકારેલ છે.નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે તેને લક્ષમાં લેતા, આ ઠરાવની જોગવાઈઓ તથા તે આધારે લેવાનારા તમામ પગલાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટના હવે પછી થનારા હુકમો કે આખરી હુકમોને આધિન રહેશે.

આ સુધારાને અનુલક્ષીને નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનુ પ્રમાણપત્ર આપનાર સર્વે સક્ષમ સત્તાધિકારીઓએ હવેથી "મોચી" જ્ઞાતિના આવા લોકોની તે મુજબ પૂરતી ચકાસણી કરીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી કરવી. સક્ષમ સત્તાધિકારીઓએ આવા પ્રમાણપત્રો આપતા પહેલા આવા "મોચી"

જ્ઞાતિના લોકોએ અનુ. જાતિ તરીકેના પ્રમાણપત્રો મેળવેલા હોય ત્યાં તેવા પ્રમાણપત્રો રદ થયેલા ગણીને અને તે મુજબની પૂરતી ખરાઈ કર્યા બાદ જ નવેસરથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું પ્રમાણપત્ર આપવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે. નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ આ સંદર્ભમાં આનુષંગિક જરૂરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પી.એમ.પટેલ )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, ( સામાજિક ન્યાય અને અધિકારીતા ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
રજિસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર.

— ૪ —

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર તરફ પ્રસ્તુત ઠરાવને બહોળી પ્રસિધ્ધિ આપવા વિનંતી.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના સર્વે બોર્ડ/નિગમ.

સર્વે નાયબ નિયામકશ્રીઓ (વિકસતી જાતિ)/સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી

સર્વે તકેદારી અધિકારીશ્રીઓ. ( રાજકોટ/અમદાવાદ/વડોદરા )

સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ)/સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)

સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ.

સીલેકટ ફાઈલ – અ શાખા.